**:: પ્રેસનોટ ::**

"કારગીલ વિજય દિન અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૭/૨૦૨૧ના રોજ "કારગીલ ચોક" ખાતે આયોજીત કારગીલ વિજય દિવસ અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમ.

કારગીલની ઊંચી પહાડીઓમાં વિષમ પરિસ્થિતિમાં ભારતીય જવાનોએ ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના દિવસે "ઓપરેશન વિજય" પાર પાડી કારગીલની બધી જ ચોકી પર ભારતીય ત્રિરંગો ફરકાવ્યો ત્યારથી કારગીલ વિજયને 'વિજય દિવસ' તરીકે મનાવવા સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે. હાલની વૈશ્વિક મહામારી "કોરોના વાયરસ" (COVID-19)ની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ ચાલુ સાલ તા.૨૬/૦૭/૨૦૨૧ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે કારગીલ ચોક, લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ મારફત સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. પોલીસ જવાનોની બ્યુગલની ધુન સાથે શહીદોના સ્મારકને શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન સાથે સહભાગી થવા અપીલ છે.

સમાચાર યાદી.૬૨૯, તા.૨૩/૦૭/૨૦૨૧, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.